Azadi Ka Amrit Mahotsav

જા.નં./મા-૨/પરચ/૨૦૨૨/૧૦૬૫૯

જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,
એ/૩, જિલ્લા સેવા સદન-૨,
અઠવાલાઈન્સ, સુરત
Web : suratdeo.org
Email : suratdeo@gmail.com
તા. ૨૭ /૦૭/૨૦૨૨

પ્રતિ,
આચાર્યશ્રી,
સુરત જિલ્લાની તમામ સરકારી/ગ્રાન્ટેડ/નોન ગ્રાન્ટેડ મા અને ઉ.મા.શાળાઓ તરફ

આ સાથે સામેલ સંયુક્ત ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી ગાંધીનગરના પત્ર ક્રમાંક/. NSS/ AKAM/2022/10017-10710 તા.૨૧/૦૭/૨૦૨૨ અન્વયે " હર ઘર તિરંગા " કાર્યક્રમ અંતર્ગત સૂચવ્યા મુજબ કાયક્રમનું આયોજન કરી જે તે દિવસે આ કાર્યક્રમના ફોટોગ્રાફ્સની સોફ્ટ કોપી મોકલી આપવા જણાવવામાં આવે છે.

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત, જિલ્લો-સુરત

# ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી

એન.એસ.એસ. શાખા, બ્લોક નં.૧૨, બીજો માળ, ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર, ગુજરાત રાજ્ય.

Azadi Ka Amrit Mahotsav
Har Ghar Tiranga
13 - 15th August 2022

ક્ર.:- NSS/AKAM/2022/10017 -10710

તા.21/07/2022

પ્રતિ,

(૧) રજિસ્ટ્રારશ્રી, તમામ યુનિવર્સિટી, ગુજરાત રાજ્ય
(૨) આચાર્યશ્રી, સરકારી, બિન સરકારી અનુદાનિત, સ્વનિર્ભર કોલેજો તમામ
(૩) આચાર્યશ્રી, ગ્રામવિદ્યાપીઠો તથા સંશોધન સંસ્થાઓ તમામ
(૪) એન.એસ.એસ. પ્રોગ્રામ કો-ઓર્ડિનેટરશ્રી, તમામ
(૫) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ

**વિષય:- "હર ઘર તિરંગા" કાર્યક્રમની ઉજવણી કરવા અંગે**

સંદર્ભ:- (૧) ભારત સરકારનો તા.૦૬/૦૭/૨૦૨૨નો DO. No. 42-22/237/2022-AKAM
(૨) રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગનો તા.૧૮/૦૭/૨૦૨૨નો પરિપત્ર ક્રમાંક: ઉજવ/૧૦૨૦૨૨/GOI-૩૪/ફ
(૩) રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગનો તા.૧૯/૦૭/૨૦૨૨નો પત્ર ક્રમાંક: ઉજવ/૧૦૨૦૨૨/GOI-૩૭/ફ

શ્રીમાન,

ઉપરોક્ત વિષય તથા સંદર્ભ પરત્વે જણાવવાનું કે, ભારતની સ્વતંત્રતાના ૭૫મા વર્ષની ઉજવણી નિમિત્તે સમગ્ર ભારતમાં "આઝાદી કા અમૃત મહોત્સવ"ની ભવ્ય ઉજવણી થઈ રહી છે. ભારતનો રાષ્ટ્રધ્વજ આપના સમગ્ર દેશ માટે એક રાષ્ટ્રીય ગૌરવની બાબત છે. રાષ્ટ્રધ્વજના સન્માનમાં, માનનીય ગૃહમંત્રીશ્રીની અધ્યક્ષતા હેઠળની નેશનલ ઇમ્પ્લીમેંટેશન કમિટી દ્વારા સ્વતંત્રતા સપ્તાહ દરમ્યાન ***"હર ઘર તિરંગા"*** નામનો એક મહત્વનો કાર્યક્રમ ઉજવણી કરવાનું નક્કી કરવામાં આવેલ છે. આ કાર્યક્રમ અંતર્ગત **તારીખ ૧૩ ઓગસ્ટ-૨૦૨૨ થી તારીખ ૧૫ ઓગસ્ટ-૨૦૨૨** દરમ્યાન રાજ્યના તમામ ઘર, દુકાનો, ઉદ્યોગ અને વેપારી ગૃહો, સરકારી અને ખાનગી કચેરીઓ વિગેરે તમામ જગ્યાએ રાષ્ટ્રધ્વજ લહેરાવવામાં આવે અને તે થકી લોકોમાં રાષ્ટ્રધ્વજ અને દેશ માટે ગર્વની ભાવના જાગે તે આ કાર્યક્રમનો હેતુ છે.

ભારતનો રાષ્ટ્રીય ધ્વજ એ પ્રત્યેક ભારતીયની આશાઓ અને આકાંક્ષાઓનું પ્રતિનિધિત્વ કરે છે. આપનો રાષ્ટ્રીય ધ્વજ એ એકતા, અખંડીતતા અને રાષ્ટ્રીય ગૌરવનું પ્રતિક છે. આપણો રાષ્ટ્રધ્વજ એ આપણી આન-બાન અને શાન છે. આપણા તિરંગામાં રહેલ ત્રણ રંગ કેસરી, સફેદ અને લીલો રંગ શૌર્ય, શાંતિ અને સમૃદ્ધિનું દર્શન કરાવે છે. તેની મધ્યમાં રહેલ અશોકચક્રના ૨૪ આરા આપણા રાષ્ટ્રની નિરંતર પ્રગતિના સૂચક છે.

યુનિવર્સિટીઓ, કોલેજો અને શાળાઓમાં "હર ઘર તિરંગા" કાર્યક્રમ અંગેનો સંકલ્પપત્રનું વાંચન કરવામાં આવે, સંકલ્પ લેવામાં આવે અને તમામ શાળાઓ, કોલેજો, યુનિવર્સિટીઓ, ઘરો પર રાષ્ટ્રધ્વજ લહેરાવવામાં આવે તે બાબત સુનિશ્ચિત કરશો. આ ઉપરાંત **તા.૦૨ ઓગસ્ટ ૨૦૨૨થી** નીચે મુજબના કાર્યક્રમોનું સફળતાપૂર્વક આયોજન થાય તે સુનિશ્ચિત કરવા જણાવવામાં આવે છે.

- તિરંગાના મહત્વ પર વક્તૃત્વ સ્પર્ધા – નિબંધ લેખન સ્પર્ધા
- ચિત્ર દ્વારા/ કપડ પર/ આર્ટ અને ક્રાફ્ટ દ્વારા તિરંગો બનાવવાની સ્પર્ધા
- તિરંગાને લગતા ગીતો ગાવાની સ્પર્ધા

જીલ્લા શિક્ષણાધિકારીશ્રી કચેરી, સુરત.
આવક નંબર :
તારીખ :

- ભારતના રાષ્ટ્ર ધ્વજની વિકાસ યાત્રા- પ્રદર્શન (વિદ્યાર્થીઓ જાતે ચાર્ટ પેપર પર ધ્વજ દોરી તેનો ઇતિહાસ લખી પ્રદર્શિત કરે)
- શેરી નાટક, નુક્કડ નાટક, એકપાત્રિય અભિનયના કાર્યક્રમો
- રાષ્ટ્રધ્વજને સબંધિત સંવાદ (DEBATE) પ્રવૃત્તિ

"હર ઘર તિરંગા" કાર્યક્રમની ઉજવણીના માર્ગદર્શન માટે રાજ્યકક્ષાએ માન. મુખ્યમંત્રીશ્રીના અધ્યક્ષપદે રાજ્ય સ્તરની સમિતિની રચના કરેલ છે. આ ઉપરાંત મહાનગરપાલિકા, જિલ્લા, તાલુકા, નગરપાલિકા, ગ્રામ્ય, વોર્ડ, શાળા, કોલેજ, અન્ય સંસ્થાઓ વિગેરે તમામ કક્ષાએ "હર ઘર તિરંગા"ના કાર્યક્રમો કરવાનું આયોજન કરવા માટે રાજ્યભરમાંથી મોટી સંખ્યામાં લોકો જોડાય તે હેતુથી મહાનગરપાલિકા, જિલ્લા તાલુકા અને નગરપાલિકા કક્ષાએ સમિતિઓની રચના કરવામાં આવેલ છે.

ઉક્ત સમિતિઓ દ્વારા "હર ઘર તિરંગા"ના કાર્યક્રમની ઉજવણી સંદર્ભે જે કોઈ આયોજન કરવામાં આવે તે મુજબ તેમજ દરેક યુનિવર્સિટી અને કોલેજ કક્ષાએ આયોજન કરી આ કાર્યક્રમ થાય તે સુનિશ્ચિત કરવા તેમજ કાર્યક્રમમાં વધુમાં વધુ લોકો જોડાય તેવા પ્રયાસ કરવા જણાવવામાં આવે છે.

"હર ઘર તિરંગા"ના કાર્યક્રમની ઉજવણી સંદર્ભે સાહિત્ય નીચે જણાવેલ લિન્ક પરથી ડાઉનલોડ કરી શકાશે :

https://docs.google.com/presentation/d/1tZLm7YfT2TUmPW69-PYYgI6hQWTurwp87FjfD5XC6rQ/edit?slide=id.g13ae6229efe_3_0

"હર ઘર તિરંગા"ના કાર્યક્રમની ઉજવણી સંદર્ભે વધુ માહિતી નીચે જણાવેલ વેબસાઇટ પર ઉપલબ્ધ છે.

https://amritmahotsav.nic.in/har-ghar-tiranga.htm

વધુમાં, આપની યુનિવર્સિટી, કોલેજો, શાળાઓ દ્વારા કરવામાં આવતી પ્રવૃત્તિઓની વિગતો જે તે દિવસે જ che.akam75@gmail.com પર Soft Copy ફોટોગ્રાફ સહિત મોકલી આપવામાં આવે તે સુનિશ્ચિત કરશો. જેથી તે વિગતો શિક્ષણ વિભાગ અને રમતગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગને તેમજ ભારત સરકારને મોકલી શકાય. નોંધ પર મળેલ માન. કમિશ્નરશ્રીની મંજૂરી અન્વયે

સંયુક્ત કમિશ્નર
ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરી,
ગુ.રા.ગાંધીનગર

**બિડાણ:** સંદર્ભદર્શિત પત્રોની નકલ

**નકલ સવિનય રવાના જાણ સારું :**

- માન. અગ્રસચિવશ્રીના અંગત મદદનીશશ્રી, બ્લોક નં.૫, ૮મો માળ, શિક્ષણ વિભાગ, ગાંધીનગર
- માન. અગ્રસચિવશ્રીના અંગત મદદનીશશ્રી, રમતગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, બ્લોક નં.૨, ૮મો માળ, સચિવાલય, ગાંધીનગર
- માન. કમિશ્નરશ્રીના રહસ્ય સચિવશ્રી, સદર કચેરી